# સુરત મહાનગરપાલિકા

## ખડી સમિતિ

## સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **ખડી સમિતિની** એક સભા **તા.૧૭–૦૮–૨૦૨૩** ના **રોજ સવારના ૧૧–૦૦ કલાકે "મા.મેયરશ્રીની કચેરી"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૦૮–૨૦૨૩ નો પત્ર, સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૭) એડીશનલ સીટી ઈજનેર(સીવીલ) ની અનુસુચિત જનજાતિની ખાલી ૦૧ જગ્યા અને ભવિષ્યમાં ખાલી પડનાર બિનઅનામતની ૦૧ જગ્યા મળી કુલ–૦૨ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસે મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીઓના સંદર્ભમાં આવેલ કુલ–૧૬ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી દરખાસ્તના પેરા નં.૫(૧) અને પેરા નં.૫(૨)માં જણાવેલ વિગતેના વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર–૧ અને ૨ ઉમેદવારો નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવાથી કુલ–૨ ઉમેદવારોની અરજીઓ માન્ય ગણી તેઓને ઈન્ટરવ્યુમાં બોલાવવા તથા દરખાસ્તના પેરા નં.૫(૩) માં જણાવેલ વિગતેના ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર–૧ થી ૬ ના ઉમેદવારો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ કાર્યપાલક ઈજનેર તરીકેનો અનુભવ ધરાવતા ન હોવાથી અને/અથવા ખાતાકીય અરજી ન કરેલ હોવાથી તેમજ અનુક્રમ નંબર–૭ થી ૧૪ ના ઉમેદવારો ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવા જેવા વિવિધ કારણોસર તેઓની અરજી અમાન્ય ગણી દફતરે કરવા અંગે યોગ્ય તે નિર્ણય લેવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૦૮–૨૦૨૩ નો પત્ર, સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૮) એડીશનલ સીટી ઈજનેર(ઈલે./મીકે.) ની ખાલી બિનઅનામતની ૦૧ જગ્યા ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસે મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીઓના સંદર્ભમાં આવેલ કુલ–૧૦૯ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી દરખાસ્તના પેરા નં.૬(૧)માં જણાવેલ વિગતેના વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર–૧ ઉમેદવાર નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવાથી કુલ–૧ ઉમેદવારની અરજી માન્ય ગણી તેઓને ઈન્ટરવ્યુમાં બોલાવવા તથા દરખાસ્તના પેરા નં.૬(૨) માં જણાવેલ વિગતેના ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર–૧ થી ૯૦ ના ઉમેદવારો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ કાર્યપાલક ઈજનેર તરીકેનો અનુભવ ધરાવતા ન હોવાથી અને/અથવા ખાતાકીય અરજી ન કરેલ હોવાથી તેમજ અનુક્રમ નંબર–૯૧ થી ૧૦૮ ના ઉમેદવારો ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવા જેવા વિવિધ કારણોસર તેઓની અરજી અમાન્ય ગણી દફતરે કરવા અંગે યોગ્ય તે નિર્ણય લેવા બાબત.

આ દે શ થી,

ર.ર.પટેલ

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૪–૦૮–૨૦૨૩.